C.C.NO 1863-95

**આંક:૧ લગત હુકમ**

રેકર્ડ ધ્યાને લેતાં આ કામના આરોપી વિરુધ્ધ નોંધાયેલ ફરીયાદના અનુસંધાને તપાસના અંતે હાલનું ચાર્જસીટ રજુ થવા પામેલ છે. ચાર્જસીટ રજુ થયા બાદ આ કામના આરોપીને સમન્સ/વોરંટો જારી કરતાં મળી આવતા ના હોવાના શેરા સાથે પરત ફરેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું સ્વરુપ ધ્યાને લ`તાં સમન્સ ટ્રાયલ પ્રકારની નજીવી સજાને પાત્ર ગુનાનો આક્ષેપ છે. ફરીયાદ પક્ષને આરોપી રજુ કરવા પુરતી અને વ્યાજબી તક પુરી પાડવા છતાં આરોપીને રજુ કરી શકેલ નથી. આ કામના આરોપી ટુક સમયમા મળી આવે તેવી કોઈ જ શકયતા જણાતી નથી. અને કેસ છેલ્લા ઘણા સમયથી પેન્ડીંગ પડી રહેલ છે. તે સંજોગો તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધની હાલની ઈન્સાફી કાર્યવાહી પડતી મુકી આરોપીને મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

આ કામે આરોપી તરફે કોઈ રોકડ રકમ જામીનગીરી તરીકે જમા કરાવી હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવી.

કોઈ મુદ્દામાલ હોય અને તે અંગે અગાઉ વચગાળનાનો હુકમ થયેલ હોય તો આથી કાયમ કરવામાં આવે છે. અન્ય કોઈ બિન કિંમતી મુદ્દામાલ હોય તો સરકાર ખાતે ખાલસા કરી નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજ તા. ૮ મી માહે ડીસેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૧૨/૨૦૧૮
અમદાવાદ.

(આર.બી.સોલંકી )
એડી ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૭
અમદાવાદ.
કોડ નં. જી.જે.૧૦૦૯